તારીખ 05-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

| | |
|---|---|
| તારીખ : 05-10-2024 | બપોરે : 1.20થી 1.30 |
| વાર : શનિવાર | નેશનલ (ન્યૂઝ) |

## આકાશવાણી સમાચાર હેમાંગીની સોનારા વાંચે છે.

---

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહારાષ્ટ્રના વાશીમમાં પીએમ કિસાન સન્માનનિધિ યોજનાનો 18 મો હપ્તો જાહેર કર્યો.
2) હરિયાણા વિધાનસભાની 90 બેઠકો માટે મતદાન ચાલી રહ્યું છે. સવારે 11 વાગ્યા સુધી 22.70 ટકા મતદાન.
3) કાશ્મીરના કુપવાડામાં સલામતી દળો સાથેની અથડામણમાં બે ત્રાસવાદી ઠાર.
4) છત્તીસગઢમાં માઓવાદીઓના વધુ ત્રણ મૃતદેહ મળી આવતા મૃત્યુઆંક વધીને 31 થયો.
5) મહિલા ટી 20 વિશ્વકપમાં ભારતનો ન્યૂઝીલેન્ડ સામે પરાજય. - આજે ઓસ્ટ્રેલિયા-શ્રીલંકા તથા ઇંગલેન્ડ-બાંગલાદેશ વચ્ચે સ્પર્ધા.

.............................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

તારીખ 05-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# PM-MAHARASHTRA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મહારાષ્ટ્રની એક દિવસની મુલાકાતે વાશીમ પહોંચ્યા છે. તેમણે વાશીમ અને થાણેમાં કુલ 56 હજાર 100 કરોડની વિવિધ પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો. શ્રી મોદીએ વાશીમમાં વણજારા સમુદાયનો ભવ્ય વારસો દર્શાવતા સંગ્રહાલયનું ઉદઘાટન કર્યું હતું.

પ્રધાનમંત્રીએ વાશિમમાં 23 હજાર 300 કરોડ રૂપિયાના મૂલ્યની કૃષિ અને પશુપાલન ક્ષેત્રને લગતી વિવિધ પહેલોનો પ્રારંભ કરાવ્યો, ત્યારબાદ થાણેમાં 32 હજાર 800 કરોડનાં મૂલ્યનાં વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમૂહુર્ત કરશે,

પ્રધાનમંત્રીએ ખેડૂતોના ખાતામાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો 18મો હપ્તો જમા કરાવ્યો. દેશભરના 9.4 કરોડથી વધુ ખેડૂતોને 20 હજાર કરોડ રૂપિયાથી વધુની રકમનો સીધો નાણાકીય લાભ મળશે.

શ્રી મોદી કૃષિ આધાર માળખું ભંડોળ હેઠળ 1 હજાર 920 કરોડ રૂપિયાથી વધુના મૂલ્યની વિવિધ પરીયોજનાઓ રાષ્ટ્રને સમર્પિત કર્યું. પ્રધાનમંત્રી 14 હજાર 120 કરોડ રૂપિયાની મુંબઈ મેટ્રો લાઇન-3ના BKCથી આરે JVLR સેક્શનનું ઉદ્ઘાટન કરશે. તેઓ 12 હજાર 200 કરોડના ખર્ચે નિર્માણ થનાર થાણે ઈન્ટિગ્રલ રિંગ મેટ્રો રેલ પ્રોજેક્ટ અને 2 હજાર અને 550 કરોડ રૂપિયાના નવી મુંબઈ એરપોર્ટ ઈન્ફલ્યુએન્સ નોટિફાઈડ એરિયા પ્રોજેક્ટના પહેલા તબક્કાનો શિલાન્યાસ કરશે.

તારીખ 05-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# HARYANA VOTER TURN OUT

હરિયાણા વિધાનસભાની 90 બેઠકો માટે આજે મતદાન શરૂ થયું છે. સવારે 11 વાગ્યા સુધી 22.70 ટકા મતદાન નોંધાયું હતું. સવારે 7 વાગ્યે શરૂ થયેલું મતદાન સાંજે 6 વાગ્યે પૂર્ણ થશે. આ ચૂંટણીમાં બે કરોડ ત્રણ લાખથી વધુ મતદારો 1 હજાર 31 ઉમેદવારોના ભાવિનો નિર્ણય કરશે.

રાજ્યમાં કુલ 20 હજાર 632 મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા છે. રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી પંકજ અગ્રવાલે જણાવ્યું હતું કે, મુક્ત, ન્યાયી અને સરળ મતદાન સુનિશ્ચિત કરવા માટે વેબકાસ્ટિંગ સુવિધા સાથે તમામ મતદાન મથકો પર પૂરતી સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે.

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ લોકોને મોટી સંખ્યામાં  મતદાન કરવા અને લોકશાહીના આ ઉત્સવનો ભાગ બનવાનું આહ્વાન કર્યું છે. તેમણે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં રાજ્યના તમામ યુવા મતદારો કે જે પ્રથમ વખત તેમના મતાધિકારનો ઉપયોગ કરશે તે તમામને શુભેચ્છાઓ પાઠવી હતી.

તારીખ 05-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# REV. J&K-INFILTRATION BID

જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષા દળોએ ઉત્તર કાશ્મીરના કુપવાડા જિલ્લામાં ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો અને બે આતંકવાદીઓને ઠાર કર્યા.

શ્રીનગર સ્થિત ચિનાર કોર્પ્સે સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, ઘૂસણખોરીના પ્રયાસ વિશે ગુપ્ત માહિતીના મળતા સેના અને જમ્મુ- કાશ્મીર પોલીસે ગઈકાલે કુપવાડાના ગુગલધરમાં સંયુક્ત અભિયાન શરૂ કર્યું હતું. આ દરમિયાન  સુરક્ષા દળોએ હથિયારો પણ જપ્ત કર્યા  છે. છેલ્લાં અહેવાલ પ્રમાણે આ વિસ્તારમાં તપાસ અભિયાન ચાલુ છે.

તારીખ 05-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# NIA-JEM SEARCHES

રાષ્ટ્રીય તપાસ સંસ્થા-NIAએ જમ્મુ અને કાશ્મીર, ઉત્તર પ્રદેશ, આસામ અને દિલ્હીમાં 22 સ્થળોએ શોધ અભિયાન શરૂ કર્યું છે. આતંકવાદી જૂથ જૈશ-એ-મોહમ્મદની પ્રવૃત્તિ સંબંધિત કેસના સંબંધમાં આ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

તારીખ 05-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# CHHATTISGARH-MAOISTS BODIES

છત્તીસગઢના નારાયણપૂર જિલ્લામાં પોલીસને ગઈકાલે થયેલી અથડામણના સ્થળ પરથી માઓવાદીઓના વધુ ત્રણ મૃતદેહ મળી આવ્યા છે. આ સાથે મૃત્યુઆંક વધીને 31 થયો છે.

ગઈકાલે માઓવાદીઓની હાજરી વિશે માહિતી મળતાં સ્થાનિક પોલીસ અને સુરક્ષા દળોની સંયુક્ત ટુકડીએ ગોવેલ, નેંદુર અને થુલથુલી વિસ્તારોમાં તપાસ હાથ ધરી હતી. સુરક્ષાકર્મીઓએ ઘટના સ્થળેથી મોટી માત્રામાં હથિયારો જપ્ત કર્યા છે.

તારીખ 05-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# CLASSICAL-LANGUAGES

દેશભરના શિક્ષણવિદો અને સંશોધકોએ પાંચ ભારતીય ભાષાઓને શાસ્ત્રીય ભાષાઓનો દરજ્જો આપવાના કેન્દ્રીય કેબિનેટના તાજેતરના નિર્ણયને અવકાર્યો છે. આકાશવાણી  સાથે વાત કરતાં, કોલકતા યુનિવર્સિટીના બૌદ્ધ અધ્યયન વિભાગના પ્રોફેસર ડૉ. ઉજ્જવલ કુમારે કહ્યું કે, આ નિર્ણયથી શાસ્ત્રીય ભાષાઓના પ્રચાર પ્રસારમાં મદદ મળશે અને આનાથી સાહિત્યના વિદ્યાર્થીઓ માટે રોજગારીની વધુ તકો ઊભી થશે.

ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય કલા કેન્દ્રના સભ્ય સચિવ ડૉ. સચ્ચિદાનંદ જોશીએ આ નિર્ણયને ઐતિહાસિક રીતે મહત્વનો જણાવ્યું છે. દેશનું પ્રાચીન સાહિત્ય આ ભાષાઓમાં ઉપલબ્ધ છે અને શાસ્ત્રીય ભાષાઓ તરીકે સમાવેશ કરવાથી અભ્યાસ અને સંશોધનમાં મદદ મળશે. ઉલ્લેખનીય છે કે, ગત ગુરુવારે મંત્રીમંડળે શાસ્ત્રીય ભાષાઓની યાદીમાં આસામી, બંગાળી, મરાઠી, પાલી અને પ્રાકૃતના  સમાવેશને મંજૂરી આપી હતી.

તારીખ 05-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

………………………………………………………………………………

તારીખ 05-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# WHO-MPOX

વિશ્વ આરોગ્ય સંસ્થા- WHOએ મંકીપોક્સ રોગના નિદાન માટે પ્રથમ નિદાન પરીક્ષણને મંજૂરી આપી છે. અનેક દેશોમાં રોગના કેસો વધતાં ઝડપી અને સચોટ પરીક્ષણની માંગને જોતાં WHOએ આ નિર્ણય લીધો છે.

અત્યાર સુધીમાં, મંકીપોકસના 30 હજારથી વધુ કેસ નોંધાયા છે અને 800થી વધુ લોકોના મોત થયા છે. આફ્રિકા સંઘના રોગ નિયંત્રણ કેન્દ્ર અનુસાર આ રોગ 16 દેશોમાં જોવા મળ્યો છે, જેની સૌથી વધુ અસર કોંગોમાં જોવા મળી છે.

આ રોગ ચેપગ્રસ્ત પ્રાણીઓમાંથી મનુષ્યોમાં ફેલાયેલા વાયરસને કારણે થાય છે. તેના લક્ષણોમાં તાવ, સ્નાયુમાં દુખાવો અને ચામડી પર ઘા થવા સહિતનો સમાવેશ થાય છે.

તારીખ 05-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# T-20 Women world cup

મહિલા ટી 20 વિશ્વકપમાં ગઈ કાલે રાત્રે દુબઇમાં રમાયેલી મેચમાં ન્યૂઝીલેન્ડ સામે ભારતનો 58 રને પરાજય થયો હતો. 161 રનનાં લક્ષ્યનો પીછો કરતા ભારત 19 ઓવરમાં માત્ર 102 રનમાં ઓલ આઉટ થઈ ગયું હતું. ન્યૂઝીલેન્ડ વતી રોઝમેરી મેરે ચાર વિકેટ લીધી હતી. અગાઉ, ટોસ જીતીને બેટિંગ લેતાં ન્યૂઝીલેન્ડે 160 રન કર્યા હતા. સોફી ડેવિને 36 બોલમાં 57 રન કર્યા હતા. રેણુકા સિંઘે ભારત વતી બે વિકેટ લીધી હતી.

હાર છતાં ભારત માટે સેમિફાઇનલમાં પ્રવેશવાની તક છે. ભારત પાકિસ્તાન સામે આવતી કાલે, શ્રીલંકા સામે 9 ઓક્ટોબર અને ઓસ્ટ્રેલિયા સામે 13 ઓક્ટોબરે એમ કુલ 3 મેચો રમશે અને ત્રણેયમાં જીતે તો તે સેમિ ફાઇનલમાં પ્રવેશી શકે છે. આજે ગ્રુપ-એમાં ઓસ્ટ્રેલિયા અને શ્રીલંકા વચ્ચે મુકાબલો થશે, જ્યારે ગ્રુપ-બીમાં ઇંગલેન્ડ અને બાંગલાદેશ વચ્ચે મેચ રમાશે. બંને મેચ શારજાહમાં રમાશે.

તારીખ 05-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# REV DAY PAKISTAN-PROTEST

પાકિસ્તાનમાં હિંસક વિરોધ, અથડામણ, ધરપકડ, સેલ્યુલર સેવાઓ અને ઈન્ટરનેટ નાકાબંધી સાથે ઝડપથી બદલાતી સુરક્ષા સ્થિતિ વચ્ચે પાકિસ્તાન સરકારે રાજધાની ઈસ્લામાબાદની સુરક્ષા પાકિસ્તાની સેનાને સોંપવાનો નિર્ણય કર્યો છે. ઈસ્લામાબાદ અને તેનું જોડિયા શહેર રાવલપિંડી ગઈકાલે પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ  સમર્થકો અને સુરક્ષા દળો વચ્ચે યુદ્ધનું મેદાન બની ગયું હતું અને આ સપ્તાહના અંત સુધી ચાલુ રહેવાની સંભાવના છે.

શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશન  સંમેલન 15 અને 16 ઓક્ટોબરના રોજ ઈસ્લામાબાદમાં યોજાવાની છે. વિદેશ મંત્રી એસ જયશંકર પણ આ સંમેલનમાં ભાગ લેવા ઈસ્લામાબાદ જશે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે ગઈકાલે દિલ્હીમાં મીડિયા બ્રીફિંગ દરમિયાન આ વાતની પુષ્ટિ કરી હતી.

તારીખ 05-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# HOCKEY INDIA LEAGUE

હોકી ઇન્ડિયા લીગ-HILનું સાત વર્ષનાં ગાળા બાદ પુનરાગમન થશે. હોકી ઇન્ડિયાએ શુક્રવારે સત્તાવાર રીતે HIL માટે ફ્રેન્ચાઇઝીની જાહેરાત કરી હતી. લીગમાં આઠ પુરુષ અને છ મહિલા ટીમો હશે. સૌ પ્રથમ વાર મહિલા લીગ પુરુષોની સ્પર્ધાની સાથે યોજાશે. ખેલાડીઓની હરાજી 13થી 15 ઓક્ટોબર દરમિયાન નવી દિલ્હીમાં યોજાશે. દરેક ફ્રેન્ચાઇઝી 24 ખેલાડીઓની એક ટીમ બનાવશે, જેમાં ઓછામાં ઓછા 16 ભારતીય ખેલાડી અને આઠ આંતરરાષ્ટ્રીય ખેલાડીને સામેલ કરી શકાશે. મેચો ઝારખંડનાં રાંચી અને ઓડિશાનાં રાઉરકેલામાં યોજાશે.